Downloaded From : http://cbseportal.com/

Series JSR

SET-4

Code No. 9

Roll No.

Candidates must write the Code on the title page of the answer-book.

- Please check that this question paper contains **11** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **5** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# સંકલિત પરીક્ષા - II
# SUMMATIVE ASSESSMENT - II

# ગુજરાતી
# GUJARATI

*સમય સીમા: 3 કલાક* — *કુલ અંક: 90*

*Time allowed : 3 hours* — *Maximum Marks : 90*

***General Instructions :***

*(i) The question paper is divided into four sections :*

| | |
|---|---|
| *Section A : Reading Comprehension* | *15* |
| *Section B : Writing* | *10* |
| *Section C : Grammar* | *20* |
| *Section D : Literature [text book]* | *45* |
| | *Total Marks 90* |

*(ii) Marks are indicated against each question.*

*(iii) All questions are compulsory.*



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

## SECTION - A
### (Reading Comprehension)

**1.** (A) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિકલ્પોમાંથી શોધીને લખો : **5**

આ દેશનું અધ્યાત્મ વૃદ્ધોની નહીં, જુવાનોની ચીજ રહી છે. ઋષિકેશે જીવનના કુરુક્ષેત્રમાં અપૂર્વ અધ્યાત્મનો પાંચજન્ય શંખ ફૂંક્યો ત્યારે તે વૃદ્ધ નહીં, યુવાન હતા. તે હતા ભારતની તરુણાઈના સારથિ. પોતાની પ્રિયાની ગોદમાં નવજાત રાહુલને સૂતેલો છોડીને સિદ્ધાર્થ અદ્વિતીય ક્રાંતિપથ પર ચાલી નીકળ્યા હતા. ત્યારે તે વૃદ્ધ નહીં યુવાન હતા. અદ્વૈતના અનન્યતમ શોધક શંકરે જ્યારે દિગ્વિજયયાત્રા કરી ત્યારે તે વૃદ્ધ નહીં, યુવાન હતા. શિકાગોના રંગમંચ પર વિવેકાનંદે વેદાંતના સાર્વભૌમ ધર્મનો ઉદ્‌ઘોષ કર્યો ત્યારે તેઓ વૃદ્ધ નહીં, યુવાન હતા. દક્ષિણ આફ્રિકાના રંગભેદના દાવાનળમાં કૂદીને અધ્યાત્મનો આગ્નેય પ્રયોગ ગાંધીએ કર્યો ત્યારે તેઓ વૃદ્ધ નહીં, યુવાન હતા. મિત્રો ! અધ્યાત્મ બુઢાપાનું લક્ષણ નથી, પણ તરુણાઈની ઊંચેરી છલાંગ છે.

પ્રશ્નો :

(1) વેદાંતના સાર્વભૌમ ધર્મનો ઉદ્‌ઘોષ કોણે કર્યો ?

(અ) ગાંધીજીએ (બ) ઋષિકેશે (ક) વિવેકાનંદે

(2) ભારતની તરુણાઈના સારથિ કોણ હતા ?

(અ) ઋષિકેશ (બ) સિદ્ધાર્થ (ક) શંકર

(3) અદ્વૈતના અનન્યતમ શોધકે કઈ યાત્રા કરી ?

(અ) ક્રાંતિયાત્રા (બ) વિજયયાત્રા (ક) દિગ્વિજયયાત્રા

(4) અધ્યાત્મ શેનું લક્ષણ નથી ?

(અ) બુઢાપાનું (બ) યુવાનીનું (ક) બાળવયનું



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

(5) ઉપરોક્ત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(અ) પાંચજન્ય શંખ

(બ) તરુણોના રથના સારથિ - યુવાનો

(ક) અધ્યાત્મ રથના સારથિ - યુવાનો

(B) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબો વિકલ્પોમાંથી શોધીને લખો. **5**

સંપૂર્ણ સ્વસ્થ મનુષ્ય લાંબું આયુષ્ય ભોગવે છે અને બીમાર વ્યક્તિ ઓછું જીવે છે, એવું નથી. આપણે જાણીએ છીએ કે મૃત્યુ અચાનક જ આવી જાય છે. માણસે પોતાનું કાર્ય મન લગાડીને, ધ્યાનપૂર્વક, પૂરી નિસબતથી કરવું જોઈએ. વધુ કામ કરવાથી દીર્ઘાયુ થઈ શકાય છે. દુઃખી અને રોગી વ્યક્તિ પણ જીવનમાં મહાન કાર્ય કરી શકે છે. આપણે નિવૃત્ત વ્યક્તિઓ પાસેથી એવું સાંભળતા આવ્યા છીએ કે 'મારે કામ તો કરવું જ પડશે.' કામ એ જીવનની પ્રવૃત્તિ છે જો કામમાં મન ન લાગે તો જીવન નકામું બની જાય છે. સાંઠ-પાંસઠની ઉંમરના કેટલાય લોકો ઉત્સાહથી કામ કરે છે. જીવનને સરસ, અર્થપૂર્ણ અને ઉપયોગી બનાવવું હોય તો એ ધ્યાનમાં રાખી લો કે પ્રવૃત્તિ એ જ જીવન છે. નિવૃત્તિ મૃત્યુ સમાન છે.

પ્રશ્નો :

(1) દીર્ઘાયુની બાબતમાં લેખકે શું કહ્યું છે ?

(અ) બીમાર વ્યક્તિ ઓછું જીવે છે.

(બ) વધુ કામ કરનારી વ્યક્તિ વધુ જીવે છે.

(ક) સ્વસ્થ મનુષ્ય વધુ જીવે છે.

(2) પ્રવૃત્તિ વિશે લેખક શું માને છે ?

(અ) કામ એ જીવનની પ્રવૃત્તિ છે.

(બ) પ્રવૃત્તિ એ જ જીવન છે.

(ક) મન લગાડીને કામ કરો.



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

(3) માણસે પોતાનું કાર્ય કેવી રીતે કરવું જોઈએ ?

(અ) મન લગાડીને

(બ) પૂરી નિસબતથી

(ક) બંનેથી

(4) નિવૃત્તિ વિશે લેખક શું માને છે ?

(અ) નિવૃત્તિ મૃત્યુ સમાન છે.

(બ) નિવૃત્તિ જીવન સમાન છે.

(ક) નિવૃત્તિ મૃત્યુ સમાન નથી.

(5) ઉપરોક્ત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(અ) નિવૃત્તિમાં પ્રવૃત્તિ નથી.

(બ) પ્રવૃત્તિમાં નિવૃત્તિ નથી.

(ક) પ્રવૃત્તિ અને નિવૃત્તિ.

(C) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો વિકલ્પોમાંથી શોધીને લખો. **5**

બજે જ્યાં બીન બાજું ત્યાં, મૃગો ભોળા જજો નહીં,
વીંધાવું બાણથી કરતા, મજા છે દૂર રહેવામાં.
પતંગો તો નહીં સમજે, અગર સમજે તો કહી દેજો,
દીપકમાં દાઝવા કરતા, મજા છે દૂર રહેવામાં.
કોમલ કમલીનીના પર્ણે, ભ્રમર બિડાય છે જુઓ,
સુગંધી લૂંટવા કરતા, મજા છે દૂર રહેવામાં.
બિચારું માછલું કેવું બન્યું રસાસ્વાદમાં ઘેલું,
રસોને ચાખવા કરતા, મજા છે દૂર રહેવામાં.
સુંવાળા સ્પર્શથી મોહી, ગુમાવ્યા પ્રાણ માતંગે,
પુરાવું પિંજરે કરતા, મજા છે દૂર રહેવામાં.



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

પ્રશ્નો :

(1) કાવ્યમાં મૃગને શેની સલાહ આપવામાં આવી છે ?

(અ) ભોળા રહેવાની

(બ) બીન વાગે ત્યાં ન જવાની

(ક) બીન વાગે ત્યાં જવાની

(2) માછલું શેમાં મોહ પામે છે ?

(અ) રસાસ્વાદમાં

(બ) સંગીત સાંભળવામાં

(ક) સુગંધીમાં

(3) 'ભ્રમર' શેમાં બિડાય છે ?

(અ) ગુલાબનાં પર્ણોમાં

(બ) પારીજાતનાં પર્ણોમાં

(ક) કમળનાં પર્ણોમાં

(4) 'સુંવાળું' શબ્દનો સમાનાર્થી શબ્દ ________ થાય.

(અ) કોમળ

(બ) કઠોર

(ક) સહેલું

(5) કવિ મજા શેમાં માને છે ?

(અ) ફરવા જવામાં

(બ) પ્રકૃતિને માણવામાં

(ક) દૂર રહેવામાં



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

## SECTION - B

## (Writing)

2. (A) ''શિક્ષણમાં પ્રવાસનું સ્થાન'' વિષય પર આશરે 15 વાક્યોમાં પરિચ્છેદ લખો. **5**

(B) તમારો મિત્ર ''કૌન બનેગા કરોડપતિ'' માં પસંદગી પામ્યો છે, તેને અભિનંદન આપતો પત્ર લખો. **5**

**અથવા**

તમારા વિસ્તારમાં ચોરીનો ઉપદ્રવ ખૂબ વધી ગયો છે. તો તેને રોકવા પોલીસ અધિક્ષકને પત્ર લખો.

## SECTION - C

## (Grammar)

3. (A) સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો. **3**

(1) જોશીનું કહેવું ખોટું નહિ પડે. (હકારવાક્ય બનાવો)

(2) વામ ચરણમાં ઈન્દુ અચલ છે. (નિષેધવાક્ય બનાવો)

(3) મને જલદી દોડવું ફાવતું નથી. (હકારવાક્ય બનાવો)

(B) સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો. **3**

(1) તેના સાસરિયા ખરેખર ઘાતકી છે. (ઉદ્ગારવાક્ય બનાવો)

(2) જીભને હાડકું ન હોય. (પ્રશ્નાર્થ વાક્ય બનાવો)

(3) તડકામાં કોમળ ફૂલો સરસ ખીલે છે. (ઉદ્ગારવાક્ય બનાવો)

(C) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ લખી, વાક્યપ્રયોગ કરો. **3**

(1) મોં ફેરવી લેવું

(2) ઘણી ગોળીના પાણી પીવા

(3) ગૂંચ ઉકેલવી



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

(D) નીચેની કહેવતોનો અર્થ લખો. 3

(1) મન હોય તો માળવે જવાય

(2) ઝાઝા હાથ રળિયામણા

(3) અતિ લોભ તે પાપનું મૂળ

(E) નીચેના વાક્યો સુધારીને ફરીથી લખો. 3

(1) ગાંધીજી આફ્રિકાની રંગભેદની લડત લડવા ગઈ.

(2) રમણ અને દક્ષા થોડી મલકાતી.

(3) આપણી તો સજામાં માનતી નથી.

(F) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો. 3

(1) સ્વચ્છ

(2) વાર્તાલાપ

(3) વધૂલ્લાસ

(G) નીચેના શબ્દસમૂહો માટે એક-એક શબ્દ લખો. 2

(1) જંતુઓનો નાશ કરનાર

(2) વાદળ વગરનું.



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

## SECTION - D

### (Literature [Text Book])

4. (A) નીચેનો ફકરો વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 5

એ રાતે રમણે દક્ષાને હમણાં હમણાં માથે આવીને પ્રકાશતો ગુરુ બતાવ્યો. પોતાના ગામમાં ગાંજો પી મસ્ત બનેલી બાવાની આંખ આ મંગળ જેટલી લાલ હતી, એની વાત પણ એણે કહીં. એક પણ વાદળી આકાશમાં ન હતી. ગામની સુધરાઈના દીવા, મિલનાં ભૂંગળાં પર ઝગમગતી નિયૉન લાઈટ્સ, સિનેમાઘરોની ઝબકજ્યોત-સહુના પ્રકાશ-અંધકારનું મિલન પડખેના છાપરાની ધારે દેખાતી ક્ષિતિજને આછા લાલ રંગે રંગતા હતાં. ઘણીવાર તો રમવા નીકળેલા તારા એમાં ખોવાઈ જતા અને રમણને ખેદ સાથે પોતાની સાથે કામ કરનારે કહેલી વાત યાદ આવી જતી. ઘણી નોકરીઓ કરી હતી, ઘણી ગોળીનાં પાણી પીધાં હતાં એણે. એમાંનાં એક શેઠે નક્કી કરેલાં જંતર પર નક્કી કરેલો માનવી ન દેખાયો ત્યારે ભારે રોષ કરેલો રમણનેય, પોતે નહિ, પણ પોતાનેય અમુક જંતરે જડનાર મોટાનાય મોટા માલિકે નિયત કરેલા સ્થાને પેલો તારો ન દેખાયો ત્યારે રોષ ચડેલો.

પ્રશ્નો :

(1) રમણે આકાશમાં દક્ષાને શું બતાવ્યું ?

(2) રમણે મંગળને કોના જેવો કહ્યો ?

(3) રમણને કોની કઈ વાત યાદ આવી ?

(4) રમણને ક્યારે રોષ ચડેલો ?

(5) 'પ્રકાશ' અને 'આકાશ' શબ્દોના અર્થ લખો.

(B) નીચેનામાંથી કોઈપણ બેના કારણો આપો. 4

(1) ચિરાયુના રેશમી વસ્ત્રમાં કાણું પડ્યું કારણ કે ...

(2) દક્ષિણામૂર્તિ લેખક માટે વિશ્વવિદ્યાલય બની ગયું, કારણ કે ...

(3) લેખકના મતે લેખકે રવિવારે સફાઈકાર્ય કર્યું, કારણ કે ...



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

(C) નીચેનામાંથી કોઈપણ પાંચના એક-એક વાક્યમાં જવાબ લખો. **5**

(1) 'આભલાનો ટુકડો' પાઠના લેખકનું નામ શું છે ?

(2) 'થીંગડું' પાઠ લેખકના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?

(3) 'દર્શક' કોનું ઉપનામ છે ?

(4) લેખકના ઘરમાં લિયોનાર્દો-દ-વિન્ચીનું કયું ચિત્ર હતું ?

(5) પ્રભાશંકર કેટલા વર્ષની વયે પાર્વતી સાથે પરણ્યા ?

(6) નાનાભાઈના મત પ્રમાણે પ્રાણાયમ શા માટે શીખવા જોઈએ ?

(D) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. **6**

(1) રવિવારે ઘરમાં ચારે તરફ નજર કરતાં લેખકને શો ખ્યાલ આવે છે ?

(2) છેવટે ગાંધીજીએ ભેટ સંદર્ભે શો નિર્ણય લીધો ?

(3) રૂપાળા રાજકુમારને જોઈને રાજા-રાણી ખુશ થવાને બદલે દુ:ખી કેમ હતા ?

(4) નાનાભાઈએ ગૃહપતિને શા માટે ઠપકો આપ્યો ?

(E) નીચેનામાંથી કોઈપણ એકનો વિસ્તૃત જવાબ લખો. **4**

(1) આખી શેરીએ અને રમણે રેડિયો પરની જાહેરતોમાં શું-શું સાંભળ્યું ?

(2) લેખકે રવિવારનો કઈ રીતે ઉપયોગ કર્યો ?

(3) ભેટ સંદર્ભે ગાંધીજીનું મનોમંથન વર્ણવો.



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

5. (A) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના જવાબ લખો. 5

સરકી જાયે પલ...
કાળતણું જાણે કે એ તો વરસે ઝરમર જલ !
નહીં વષામાં પૂર,
નહીં એ ગ્રીષ્મ મહીં શોષાય,
કોઈના સંગનિસંગની એને,
કશી અસર નવ થાય,
ઝાલો ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ !
છલક છલક છલકાય
છતાં યે કદી શકી નવ ઢળી,
વૃન્દાવનમાં,
વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી,
જાય તેડી પોઢેલાંને યે નવે લોક, નવ સ્થલ !

પ્રશ્નો :

(1) કવિ પલને કોની સાથે સરખાવે છે ?

(2) પલ મૃત્યુ પામેલાંને ક્યાં લઈ જાય છે ?

(3) વૃંદાવન અને કુરુક્ષેત્ર દ્વારા કવિ સમય વિશે શું કહે છે ?

(4) 'ગ્રીષ્મ' અને 'નાજુક' શબ્દોના અર્થ લખો.

(5) સમયની ક્ષણને ઝીલે ત્યાં શું થાય છે ?



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

(B) નીચેની કાવ્યપંક્તિઓ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. **4**

(ક) કજ્જલ તજે ન શ્યામતા, મુક્તા તજે ન શ્વેત;

દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત.

(1) દુર્જનો શું છોડતા નથી ?

(2) 'મુક્તા' અને 'કજ્જલ' શબ્દોના અર્થ લખો.

(ખ) એ લોકો પ્હેલાં ઔષધની શીશીઓ સંઘરી રાખે છે

અને માણસ જ્યારે ફૂટી જાય છે ત્યારે થોડી થોડી રેડે છે.

(1) પ્રસ્તુત પંક્તિમાં 'એ લોકો' શબ્દપ્રયોગ કોનાં માટે થયો છે ?

(2) એ લોકો દવાની શીશીઓનું શું કરે છે ?

(C) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. **6**

(1) કવિ મૃતપત્નીને કઈ કઈ સામગ્રી ધરવાનું કહે છે ? શા માટે ?

(2) શ્રીકૃષ્ણ વિનાના મધુવનની વેદના કોણ કોણ વ્યક્ત કરે છે ?

(3) કવિ ફૂલ બની ફળતા જવાનું કેમ ઈચ્છે છે ?

(4) બીજા દુહામાં બગલા અને કાગડાનાં દૃષ્ટાંત દ્વારા શું કહેવાયું છે ?

(D) નીચેનામાંથી કોઈપણ છ પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો. **6**

(1) 'એ લોકો' કાવ્યના કવિનું નામ જણાવો.

(2) 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિએ મૃત્યુની ઘટનાનું કેવી ઘટના તરીકે નિરૂપણ કર્યું છે ?

(3) 'માધવ ક્યાંય નથી...' કાવ્યમાં શેનું આલેખન થયું છે ?

(4) કવિએ મનનું ગાણું ભૂલીને શું માણવાનું કહ્યું છે ?

(5) કવિએ 'એ લોકો' ને કોની સાથે સરખાવ્યા છે ?

(6) 'આવ્યો છું તો' કાવ્યમાં કવિ શેની પાંખડીઓ ઊઘડવાની વાત કરી છે ?

(7) 'માધય ક્યાંય નથી...' કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ?



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE